વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ: GI ટેગ પ્રાપ્ત 'જરી ઉદ્યોગ' ધરાવે છે 120 વર્ષ જૂનાં ઐતિહાસિક મૂળ

દેશનું 70% જરીનું ઉત્પાદન એકલા સુરતમાં

પ્રાચીન કાળમાં સુરત ધમધમતું બંદર હોવાને કારણે જરી અને તેમાંથી બનેલા 'કિનખાબ' કાપડની નિકાસ આરબ અને યુરોપિયન દેશોમાં થતી હતી

સુરતઃ સમગ્ર દક્ષિણ ગુજરાતમાં MSME, ઔદ્યોગિક અને ક્ષેત્રીય વિકાસને વેગ આપવા માટે તા.૧ અને ૨ મેના રોજ 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' (VGRC)ની ત્રીજી આવૃત્તિ સુરતના આંગણે યોજાનાર છે. હીરા અને કાપડ વ્યવસાયમાં વિશ્વ વિખ્યાત સુરતનો 'જરી ઉદ્યોગ' આ શહેરની સાહસિકતા, પ્રાચીન ગૌરવને ઉજાગર કરે છે. સુરતના જરી ઉદ્યોગને તેની વિશિષ્ટતા અને ગુણવત્તા માટે ભારત સરકાર દ્વારા નવેમ્બર-૨૦૧૦માં સત્તાવાર રીતે GI ટેગ પ્રાપ્ત થયો છે.

શહેરના બેગમપુરા, વાડી ફળિયા, ખટોદરા, ભાટેના અને નવાપુરા જેવા વિસ્તારો એક સદી પહેલા સુરતમાં વિકાસ પામેલા જરી ઉદ્યોગનાં મુખ્ય કેન્દ્રો રહ્યાં છે. મૂળ સુરતના ગોલા-કણબી, ખત્રી, રાણા અને પટેલ જ્ઞાતિનાં કુટુંબો અંદાજે ૧૨૦ વર્ષ જૂની વંશપરંપરાગત કલાને પેઢી દર પેઢી જીવંત રાખી રહ્યા છે. સુરતની ભૌગોલિક પરિસ્થિતિ, અહીંની ભેજવાળી હવા જરીના તારના વણાટ અને ખેંચાણ માટે અત્યંત અનુકૂળ છે. આજે સુરતમાં ૮૦ ટકા જેટલું ઉત્પાદન સસ્તી અને ટકાઉ મેટાલિક યાર્ન જરીનું થાય છે, જ્યારે ૨૦ ટકા સાચી જરીનું ઉત્પાદન જળવાઈ રહ્યું છે. સુરતના વરાછા, કતારગામ, પુણા વિસ્તારમાં આજે પણ હજારો ખટારા ઘરોમાં ચાલે છે. તેમજ હાલ સુરત ભારતનું ૭૦% જરીનું ઉત્પાદન કરનારું શહેર છે. અને જરી ઉદ્યોગ માટે જરૂરી મશીનરીનું ઉત્પાદન પણ સુરતમાં જ થાય છે.

સુરતની જરીનો ભવ્ય ઈતિહાસ

'જરી' ઉદ્યોગના તાર ભારતની પ્રાચીન સંસ્કૃતિ સાથે જોડાયેલા છે. ઋગ્વેદ, રામાયણ અને મહાભારત જેવા આપણા પૌરાણિક ગ્રંથોમાં સોના-ચાંદીના તારમાંથી ગુંથાયેલાં વસ્ત્રોનો ઉલ્લેખ જોવા મળે છે. શ્રી રામ-સીતા અને શ્રી કૃષ્ણના 'જરકસી જામા' તથા 'પીળા-પીતાંબર' જેવાં વસ્ત્રો સુરતની આ પરંપરાગત કલાની પ્રાચીનતાના સાક્ષી છે. મેગેસ્થનીસ જેવા ગ્રીક વિદ્વાનોના લખાણોમાં પણ સોના-ચાંદીના તારથી બનેલા કાપડનો ઉલ્લેખ જોવા મળે છે. ખાસ કરીને મુઘલ શાસનનો સમયગાળો જરી ઉદ્યોગનો 'સુવર્ણકાળ' હતો. તે સમયે સુરત બંદર હોવાને કારણે અહીંની જરી અને તેમાંથી બનેલા 'કિનખાબ' કાપડની નિકાસ આરબ અને યુરોપિયન દેશોમાં થતી હતી. ઇજિપ્ત, અફઘાનિસ્તાન, ઇટાલી, જર્મની અને તુર્કીમાં વિશાળ બજાર મળ્યું હતું. ફ્રેંચ, ડચ, બ્રિટિશ અને પોર્ટુગીઝોએ પણ સુરતમાં જરીની ફેક્ટરીઓ સ્થાપી હતી. હજે જતા-આવતા યાત્રિકો સુરતમાં રોકાઈને જરી, કિનખાબ, બ્રોકેડ, તનછોઈ, સોનાની કિનાર અને ભરતકામ ખરીદતા.

ઐતિહાસિક અને રસપ્રદ વાતો

» છત્રપતિ શિવાજી મહારાજે રાજ્યાભિષેક વખતે જે વસ્ત્રો પહેર્યાં હતાં એ સુરતની જરીના હતા. » વર્ષ-૧૭૫૦માં સુરતમાં ૧ લાખથી વધુ કારીગરો માત્ર જરીકામ કરતા હતા. » ઈસ્ટ ઈન્ડિયા કંપની સુરતથી દર વર્ષે 30 લાખ રૂપિયાની જરી એક્સપોર્ટ કરતી હતી » મુમતાઝનાં લગ્નનો ઘાઘરો સુરતની જરીથી બન્યો હતો. » સુરત ખાતે જરી ઉદ્યોગના વિકાસ અર્થે સને-૧૯૪૪માં આ મંડળની સ્થાપના થઈ હતી. » આ સંસ્થા જરી ઉત્પાદકો અને વેપારીઓના અધિકારોના રક્ષણ માટે કામ કરે છે.

સુરત પોલીસને ચેલેન્જ, ખુલ્લા મોઢે લૂંટ ચલાવનાર પકડથી દૂર

પોલીસે 500થી વધુ સીસીટીવી ચકાસ્યા, પણ લુંટારુઓ મિસ્ટર ઈન્ડિયા

પોલીસ મુંબઈ, મધ્યપ્રદેશ, યુપી, બિહાર, રાજસ્થાન અને કર્ણાટક સુધી કઈ ગેંગના સભ્યો છે તેની તપાસ કરી ચૂકી છે

કોઈપણ રાજ્યની પોલીસમાં આરોપીઓના કોઈ ગુનાહિત ઇતિહાસના ડેટા નથી

સુરતઃ વરાછા લંબે હનુમાન રોડ પર આવેલી SBIની શાખામાં સોમવારે ભરબપોરે ફિલ્મી ઢબે મોટી લૂંટની ઘટના બની હતી. લુંટારુ પોલીસને ચેલેન્જ કરતાં હોય તેમ આટલા સીસીટીવી અને સિક્યુરિટી વચ્ચે છ સશસ્ત્ર અણીએ બેંકના કર્મચારીઓ અને ગ્રાહકોને બાનમાં લઈ અંદાજે 50 લાખ રૂપિયાની રોકડ લૂંટીને ફરાર થઈ ગયા હતા. 13 મિનિટના આ તાંડવમાં લુંટારુઓએ સુરક્ષા વ્યવસ્થાને ખુલ્લો પડકાર ફેંક્યો હતો. શહેરની અત્યંત આધુનિક ગણાતી ક્રાઈમ બ્રાંચ પણ લુંટારુઓનું પગેરું મેળવી શકતી નથી. મધ્યપ્રદેશ, યુપી, કર્ણાટક, બિહાર, મુંબઈ સુધી કઈ ગેંગ છે તે પોલીસ તપાસ કરી ચૂકી પણ પગેરું મળ્યું નથી. આરોપીઓ સીસીટીવી નજર બહાર એવી જગ્યાએથી ભાગી છૂટ્યા કે પોલીસ તેમનું પગેરું પણ મેળવી શકતી નથી. હાઈટેક ગણાતી ક્રાઈમ બ્રાંચ પણ તમામ ટેક્નોલોજી ઉપયોગ કરી આરોપીનું પગેરું મેળવવાની કોશિશમાં રાત-દિવસ લાગી છે. બુધવારે આખો દિવસ વરાછા પોલીસ અને ક્રાઈમ બ્રાંચ પીપોદરા કીમ વિસ્તાર ખૂંદી આરોપીઓની શોધખોળ કરી છે. ક્રાઈમ બ્રાન્ચે સોશિયલ મીડિયા મારફતે પણ આરોપીઓની શોધખોળ માટે વિડીયો ફરતા કર્યા છે.

500થી વધુ કેમેરા તપાસ્યા, પણ આરોપી ઓળખી શકાયા નથી

આ મામલે ક્રાઈમ બ્રાન્ચના એસીપીએ જણાવ્યું હતું કે, તેમની ટીમો ઘટના બાદ ઘરે ગઈ નથી. રાત-દિવસ સુરત પોલીસના, મહાનગર પાલિકાના અને સ્થાનિક ઘર કે દુકાનોના આશરે 500થી વધુ કેમેરા ચેક કરી લીધા છે. તેમની ટીમો વેલંજાથી લઈ પલસાણા સુધી અને અડધું સુરત ફંફોસી વળી, પણ આરોપીનાં લોકેશન મેળવી શકી નથી. આરોપીઓ કેટલાક સીસીટીવીમાં 120ની સ્પીડે બાઇક હંકારતાં અને પૈસા ભરેલા ગુટખાના થેલામાં સાથે દેખાઈ છે.

શહેર કે અન્ય રાજ્યોની કોઈ ગેંગ આ સભ્યોને ઓળખી શકી નથી

ક્રાઈમ બ્રાંચ અને વરાછા પોલીસે સ્થાનિક બાતમીદાર અને કેટલાકી ગેંગના ગુપ્તચરો પાસે આરોપીની ઓળખ માટે ફોટો વિડીયો મોકલ્યા છે, પણ તેઓ પણ તેમને ઓળખી શક્યા નથી. પોલીસની ટીમો બિહાર મધ્યપ્રદેશ અને યુપી કર્ણાટક મુંબઈમાં પોતાના સંપર્કના બાતમીદારો પાસે પણ ઓળખ માટે કાર્યવાહી કરી શકી નથી. ટેક્નોલોજી ઉપયોગથી હાઈ ટેક ફોટો પણ કઢાવ્યા છે. અમે તમામ રાજ્યોની પોલીસને તેનું સ્કેનિંગ માટે પણ આપ્યા છે પણ ત્યાંથી પણ કોઈ માહિતી મળી નથી.

બેંક સ્ટાફ અને સીએમએસ કંપનીનાં શકમંદોનાં નિવેદન લેવાયાં

સીબીઆઈની વરાછા શાખામાં ફરજ બજાવતા પટાવાળાથી લઈ તમામની પૂછપરછ લઈ પગેરુંમાં કોઈ સામેલ છે કે નહીં તેનો પણ પ્રયાસ કર્યો છે. અગાઉ આ બ્રાન્ચમાં પૈસા મૂકવા આવતી કેશવેનમાં નોકરી કરી ચૂકેલાઓની પણ માહિતી મેળવી તેમની પણ પૂછપરછ કરી છે. હાલ ફરજ પર અને શંકાના ડાયરામાં આવેલા વોચમેનને આર્થિક પરિસ્થિતની પણ માહિતી એકત્ર કરવામાં આવી છે.

બેંક આજુબાજુ કામ ચાલુ હોય, ત્યાંના મજૂરોની પણ સંડોવણી હોઈ શકે

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ લુંટારુ બેંકમાં ઘૂસ્યા ત્યારે એકદમ ફિલ્મી સ્ટાઇલમાં આવ્યા હતા અને તમામને એક બાજુ નીચે બેસી દેવા કહ્યું હતું. આરોપીઓ 25થી 30 વર્ષના હતા. જેઓનાં કપડાં એકદમ રદ્દી જેવાં હતાં. કેટલાકના બુટ પર કાદવ લાગ્યો હતો. તેમના હાથ પણ માટી ખોદકામ જેવું કામ કરતા હોય તેવું લાગી રહ્યું હતી. બેંકના એક ભાગમાંથી એક કર્મચારી જમીને બહાર આવતાં એક આરોપી તમંચો લઈ તેની સામે આવી ગયો હતો. જે આરોપીના શરીરમાંથી એકદમ પરસેવાની વાસ આવતી હતી અને તે ડરી ગયો હતો.

બેંક બહાર ચાલતાં ખોદકામનો મજૂરની સંડોવણી છે?

કર્મચારી સામે આવેલો શ્રમિક હોય તે પ્રકારનો લાગતો હતો અને તેણે તેને છેલ્લા છ મહિનામાં બે-ત્રણ વખત બેંકમાં ખાતું ખોલાવવા બાબતે પૂછપરછ કરતાં અને બેંક બહાર જ્યાં કામ ચાલે છે ત્યાં આજુબાજુમાં જોયો હોવાનું જાણવા મળ્યું છે. હાલ બેંકની બહાર ખોદકામની કામગીરી ચાલતી હોવાથી ત્યાંથી પસાર થતો રસ્તો બંધ છે અને ત્યાં અનેક મજૂરો કામ કરી વસવાટ કરે છે. જેથી મજૂરોની પણ સંડોવણી હોવાનું બેંક કર્મચારીઓમાં ચર્ચાઈ રહ્યું છે.

કેમિકલયુક્ત કચરામાં આગ, શ્રમિકોનાં ઝૂંપડાં બળીને ખાખ

પાંડેસરા-બમરોલી રોડના શ્રુતિનગર નજીક ઇન્ડ. પ્લોટમાં આગ લાગતા નાસભાગ મચી

સુરતઃ પાંડેસરા-બમરોલી રોડ પર સ્થિત તૃપ્તિ નગર નજીક આવેલા ઈન્ડસ્ટ્રિયલ વિસ્તારના એક ખાલી પ્લોટમાં બુધવારે અચાનક આગ લાગવાની ઘટના સામે આવી હતી. પ્લોટમાં મોટા પ્રમાણમાં કેમિકલયુક્ત વેસ્ટેજ કચરો ઠાલવવામાં આવતો હોવાથી આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી. જોતજોતામાં આગે ભયાનક સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ બનાવમાં સૌથી વધુ ભોગ નજીકમાં રહેતા ગરીબ શ્રમિકો બન્યા હતા. આગની ઝપેટમાં આવી તેમની ઝૂંપડપટ્ટી સંપૂર્ણપણે બળી ગઈ હતી. શ્રમિકો રસ્તા પર આવી ગયા હતા. ફાયર ઓફિસર દિપક બારોટના જણાવ્યા મુજબ, ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આગ ખૂબ જ ઉગ્ર હોવાને કારણે તેને નિયંત્રણમાં લેવા માટે ભારે મહેનત કરવી પડી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

તાપથી બચાવવા બનેલા મંડપની હાલત ખસ્તા થઈ ગઈ

સુરત શહેરના ટ્રાફિક સિગ્નલો પર વાહનચાલકોને તાપથી બચાવવા મંડપ ઊભા કરવામાં આવ્યા છે. પરંતુ ઉધના ખરબરનગર પાસેનો આ મંડપ ફાટી જતાં વાહનચાલકો ગરમીમાં સેકાય રહ્યા છે, જ્યારે શહેરના અન્ય સ્થળોએ પણ મંડપની હાલત ખસતા જોવા મળી રહી છે. **(તસવીરઃ સતીષ જાદવ)**

ચારધામ યાત્રા શરૂ થતાં જ સુરતના ટ્રાવેલ ઉદ્યોગમાં તેજી

અક્ષય તૃતીયાએ કપાટ ખૂલતા જ બુકિંગમાં ઉછાળો, મે-જૂન માટે 80-90% પેકેજ પહેલાથી હાઉસફુલ

સુરતઃ ઉત્તરાખંડમાં 2026ની ચારધામ યાત્રા શરૂ થતાની સાથે જ દેશભરમાંથી શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. 19 એપ્રિલથી યાત્રાનો પ્રારંભ થતાં જ યમુનોત્રી અને ગંગોત્રીના કપાટ અક્ષય તૃતીયાના પવિત્ર દિવસે ખૂલ્યા હતા. જ્યારે કેદારનાથ 22 એપ્રિલ અને બદ્રીનાથ 23 એપ્રિલથી દર્શન માટે ખૂલ્યા છે. સુરત શહેર અને દક્ષિણ ગુજરાતમાં ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ સાથે સંકળાયેલા વેપારીઓ માટે આ સિઝન ખાસ લાભદાયી સાબિત થઈ રહી છે.

ટ્રાવેલ્સ ઓપરેટરોના જણાવ્યા મુજબ એપ્રિલના પહેલા પખવાડિયાથી જ બુકિંગમાં ભારે વધારો નોંધાયો છે. મે અને જૂન મહિના માટે લગભગ 80થી 90 ટકા પેકેજો પહેલેથી જ બુક થઈ ચૂક્યા છે. જેના કારણે ટ્રાવેલ એજન્સીઓ સતત વ્યસ્ત બની ગઈ છે.

યાત્રાને લઈને ટ્રાવેલ્સ આયોજકો જણાવે છે કે, શ્રદ્ધાળુઓ હવે છેલ્લી ક્ષણ સુધી રાહ જોતા નથી, પરંતુ અગાઉથી આયોજન કરીને યાત્રા માટે બુકિંગ કરી રહ્યા છે. આ વર્ષે ઘણા યાત્રિકોએ માર્ચ મહિનાથી જ પોતાનો પ્રવાસ નક્કી કરી દીધો છે. ટ્રાવેલ એજન્સીઓ દ્વારા યાત્રિકોને આકર્ષવા માટે વિવિધ સુવિધાઓ સાથે ખાસ પેકેજો ઓફર કરવામાં આવી રહ્યા છે, જેમાં હેલિકોપ્ટર સેવા, હોટેલમાં રહેવાની સુવિધા, ભોજન વ્યવસ્થા અને લોકલ ટ્રાન્સપોર્ટનો સમાવેશ થાય છે. ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો અને ટૂંકા સમયમાં યાત્રા પૂર્ણ કરવા ઈચ્છતા યાત્રિકો માટે હેલિકોપ્ટર પેકેજોની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે. બીજી તરફ ઉત્તરાખંડ સરકાર દ્વારા યાત્રાને સુલભ અને સુરક્ષિત બનાવવા માટે કેટલાક નવા નિયમો પણ અમલમાં મૂકવામાં આવ્યા છે. યાત્રા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવ્યું છે અને ગ્રીન કાર્ડ વગર યાત્રાની મંજૂરી આપવામાં આવતી નથી.

જેના કારણે યાત્રિકોને અગાઉથી તૈયારી સાથે જ પ્રવાસે નીકળવું જરૂરી બન્યું છે.

આ વર્ષે રેકોર્ડબ્રેક રજિસ્ટ્રેશનો થયાં

ચારધામ યાત્રા 2026 માટે આ વર્ષે રેકોર્ડબ્રેક રજિસ્ટ્રેશન નોંધાયું છે. ટ્રાવેલ્સ ઓપરેટરો અને એજન્ટોના જણાવ્યા મુજબ યાત્રા શરૂ થાય તે પહેલા જ લાખો શ્રદ્ધાળુઓએ ઓનલાઇન નોંધણી પૂર્ણ કરી દીધી હતી. ખાસ કરીને કેદારનાથ અને બદ્રીનાથ માટે સૌથી વધુ માંગ જોવા મળી રહી છે. ઓનલાઇન સિસ્ટમને કારણે યાત્રિકો સરળતાથી પોતાનું રજિસ્ટ્રેશન કરી શકે છે. જેના કારણે પ્રક્રિયા ઝડપી અને પારદર્શક બની છે. ગયા વર્ષની તુલનામાં આ વર્ષે યાત્રિકોની સંખ્યા વધુ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને સરકાર અને સ્થાનિક તંત્ર દ્વારા વ્યવસ્થાઓ વધુ મજબૂત બનાવવામાં આવી રહી છે, જેથી યાત્રિકોને કોઈ મુશ્કેલી ન પડે.

બાળકીની છેડતીમાં આધેડને મહિલાઓએ ફટકાર્યો

અમરોલીમાં બાળકીની છેડતીમાં ઝડપાયેલા આરોપીને પોલીસ ઘટનાના રિકન્સ્ટ્રક્શન માટે લાવી હતી

સુરતઃ અમરોલી વિસ્તારમાં એક ૫૬ વર્ષીય આધેડે પોતાની વિકૃત માનસિકતાનું પ્રદર્શન કરતાં ૧૧ વર્ષની માસૂમ બાળકી સાથે છેડછાડ કરી હતી. જ્યારે પોલીસે તેને ઘટના સ્થળે રિકન્સ્ટ્રક્શન માટે લાવી હતી. આ સમયે પોલીસના કાફલાની હાજરી હોવા છતાં, ઉશ્કેરાયેલી મહિલાઓએ નરાધમને લાતો મારી હતી અને ચપ્પલ વડે ફટકારીને કાયદાના રક્ષકોની સામે જ લોકઅદાલત ભરી દીધી હતી.

અમરોલીના સૃષ્ટિ રો-હાઉસ પાસે સિટી હાઈટ્સ કોમ્પ્લેક્સમાં મૂળ જૂનાગઢના માખીયાણાના વતની દિનેશ જીવરાજભાઈ રામાણી (ઉં.વ.૫૬) "શ્રીજી લાઈવ આલુપુરી" નામની દુકાન ચલાવે છે. ગતરોજ બપોરે દુકાને આલુપુરી લેવા આવેલી એક ૧૧ વર્ષની બાળકીને દાદાની ઉંમરના દિનેશે શારીરિક અડપલાં શરૂ કર્યા હતા. વિકૃત હરકતની જાણ બાળકીએ માતા-પિતાને કરતાં અમરોલી પોલીસનો સંપર્ક કરતા પોલીસે પોક્સો (POCSO) હેઠળ ગુનો નોંધી આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

પોલીસની હાજરીમાં જ લાત-ચપ્પલ મારી, વિડીયો વાયરલ

મોટી સંખ્યામાં એકઠા થયેલા લોકોમાં મહિલાઓનો આક્રોશ ચરમસીમાએ હતો. જેવો આરોપી પોલીસ વેનમાંથી નીચે ઉતર્યો કે એક મહિલાએ તેને જોરદાર લાત ઝીંકી દીધી હતી, બીજી મહિલાએ પોતાનું સેન્ડલ કાઢીને નરાધમને ફટકારવાનું શરૂ કર્યું હતું. સ્થાનિકોનો આક્ષેપ છે કે આ શખ્સે અગાઉ પણ અન્ય બાળકીઓ સાથે આવી હરકતો કરી હોઈ શકે છે. હાલમાં આ ઘટનાના વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ છે.

ઉધના-મગદલ્લા રોડ ખાતે મિલની ગુડ્સ લિફ્ટ તૂટી પડતા યુવકનું મોત

કાપડનો માલ લઈને આવતી વખતે પહેલા માળેથી લિફ્ટ તૂટીને નીચે ધડાકાભેર અથડાઈ હતી

સુરતઃ ઉધના-મગદલ્લા રોડ તારા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલી મિલની ગુડ્સ લિફ્ટ પહેલા માળેથી તૂટી પડતા યુવકનું મોત નિપજ્યું હતું. કાપડનો માલ લઈને આવતી વખતે અકસ્માત સર્જાયો હતો.

મળતી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશ ગોરખપુરના વતની શ્રીરામ ગુપ્તા હાલ ભટાર આઝાદનગર વિસ્તારમાં આવેલા રસુલાબાદમાં રહે છે અને કલરકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેના સંતાન પૈકી 18 વર્ષીય પુત્ર સુધીર ઉધના-મગદલ્લા રોડ પરની તારા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલી બેગાની મિલમાં મજૂરી કામ કરતો હતો. કાલે સુધીર મિલમાં નાઈટ પાળીમાં નોકરી પર ગયો હતો. કામ કરતી વખતે સુધીર મિલના પહેલા માળે કાપડનો માલ લેવા માટે ગયો હતો. કાપડનો માલ લઈને સુધીર ગુડ્સ લિફ્ટમાં તે માલ શિફ્ટ કરી રહ્યો હતો. ત્યારે અચાનક ગુડ્સ લિફ્ટ તુટીને નીચે ધડાકાભેર પટકાઈ હતી. જેમાં સુધીરને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. અકસ્માતને પગલે મિલના કર્મચારીઓએ 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. પરંતુ એમ્બ્યુલન્સ આવે અને સુધીરને સારવાર મળે તે પહેલા જ તેનું મોત નિપજ્યું હતું. બનાવને પગલે ખટોદરા પોલીસના પીએસઆઈ એન.આર પાટીલે વધુ તપાસ હાથ ધરી છે. તેમજ FSLની ટીમને પણ જાણ કરવામાં આવી હતી. જેથી તેઓ સ્થળ મુલાકાત કર્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

ઇ-ટેન્ડરીંગ જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

અ.નં.	પી.આર.ઓ. નંબર	વિભાગનું નામ	કામની સંખ્યા	અંદાજિત રકમ
૧	૯/૨૬-૨૭	સ.વ. પટેલ પ્લેનેટોરીયમ	૦૧	૨૨,૪૮,૫૪,૫૦૦/-

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઈટ પરથી મળી રહેશે. કોઈપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૧૧/૨૦૨૬-૨૭ **જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત**

પંજાબ નૈશનલ બૈંક ...भरोसे का प्रतीक ! **punjab national bank** ...the name you can BANK upon !

બીઓ : વેલંજા શાખા (ડી નં. ૮૯૫૪૦૦): ૧૫૧-૧૫૧એ, નવા ફળિયા, વેલંજા–૩૯૪૧૫૦.(ફોન : ૬૩૫૯૯૦૬૪૦૯)

અહી નોટીસ આથી નીચેના દેવાદારો **શ્રીમતી સંધ્યાદેવી ધનજી શર્મા (દેવાદાર અને ગીરવેદાર) સરનામું : ૬૪, ભકિત નગર–૨, ગોળાદરા નહેર રોડ,હનુમાન જી મંદિર ની પાછળ, સુરત, ગુજરાત–૩૯૫૦૧૦ અને પ્લોટ નં. ૪૦૮, આર્યા રેસીડન્સી, કારેલી મોતા રોડ, કારેલી, પલસાણા,સુરત ગુજરાત–૩૯૪૩૧૦** કે જેમણે બેંક મારફત લોન સુવિધા લીધેલ જેમાં મુદલ અને વ્યાજની ચુકવણી માં કસુર કરેલ છે. આ લોન સુવિધા માટે પોતાની અંગત ગેરંટી આપેલ છે. અને લોન ખાતુ નોન– પરફોર્મીગ એસેટ(એનપીએ) તરીકે વગીકૃત થયુ છે..તેમના છેલ્લા જાણીતા સરનામા પર સિકયોરિટાઈઝેશન એન્ડ રિ–કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ તેમને નોટીસ જારી કરવામાં આવેલ હતી પરંતુ તે બજવણી થયા વગર પરત થયેલ છે. અને આથી તેમને આ જાહેર નોટીસ થી તેમને જાણ કરવામાં આવે છે.

અ. નં.	દેવાદારો /જામીનદારો ના નામ	સુરક્ષીત કરેલ મિલકતનુ વર્ણન	નોટીસની તારીખ	એનપીએ ની તારીખ	બાકી રકમ (નોટીસની તારીખ મુજબ, વ્યાજ અને અન્ય ચાર્જીસ સહીત)
૧	શ્રીમતી સંધ્યાદેવી ધનજી શર્મા	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે આર્યા રેસીડન્સી નામની સોસાયટી નો પ્લોટ નં. ૪૦૮ (કેજેપી મુજબ બ્લોક / પ્લોટ નં. ૮૨/૪૦૮) પ્લોટ નું માપ આશરે ૪૮.૦૦ ચો.વાર એટલેકે ૪૦.૧૮ ચો.મીટર + કોમન રોડ અને સીઓપી ની જમીન ના વણવહેંચાયેલ મિલકત ના હિસ્સા ૨૩.૫૦ ચો.મી સહિત કારેલી પલસાણા ખાતે રેવન્યુ સર્વે નં. ૫૫ બ્લોક નં. ૮૨ ના જમીન માપ ૩૮૦૫૩ .૦૦ ચો.મી ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા: પુર્વ : જોડે નો પ્લોટ નં. ૪૧૫, પશ્ચિમ : જોડેનો સોસાયટી આતંરીક રોડ, ઉત્તર : જોડે નો પ્લોટ નં. ૪૦૭, દક્ષીણ : જોડેનો પ્લોટ નં. ૪૦૯.	૧૭.૦૪.૨૦૨૬	૩૦.૦૩.૨૦૨૬	રૂ. ૯,૩૭,૫૫૨.૯૧

ઉપરોકત દેવાદારને જણાવવામાં આવે છે કે આ નોટીસના પ્રકાશનની તારીખ થી ૬૦ દિવસ ની અંદર બાકી રકમની ચુકવણી કરી દેવા જણાવવામાં આવે છે. ૬૦ દિવસની સમાપ્તી પછી તેમ કરવામાં કસુર થયે સિકયોરિટાઈઝેશન એન્ડ રિ–કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ૪ હેઠળ આગળ ના પગલા લેવામાં આવશે.

તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ કલમ ૧૩ મુજબ દેવાદાર બેંકની લેખિત સંમતિ મેળવ્યા વિના ઉપર જણાવેલી સુરક્ષિત મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

દેવદારોનુ ધ્યાન દેરવવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

તારીખ : ૩૦.૦૪.૨૦૨૬ સ્થળ : સુરત **અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક**

HDFC BANK **એચડીએફસી બેન્ક લિમિટેડ** **પઝેશન નોટિસ**

બ્રાન્ચ સરનામું: ૨૦૧ - ૨૦૪, રિદ્ધી શોપર્સ, ઇમ્પીરીયલ સ્કવેર સામે, અડાજણ - હજીરા રોડ, સુરત - ૩૯૫૦૦૯.

એચડીએફસી બેન્ક લિમિટેડના (ભૂતકાળમાં **એચડીએફસી લિ.**, જેનું નામદાર એનસીએલટી-મુંબઇ ના તારીખ ૧૭ માર્ચ, ૨૦૨૩ ના આદેશ મુજબ મંજૂર થયેલ એકીકરણ યોજના અનુસાર **એચડીએફસી બેન્ક લિમિટેડ** સાથે એકીકરણ થયેલ છે) **(એચડીએફસી)** અધિકૃત અધિકારીઓને સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ કલમ ૧૩(૧૨), સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વાંચતા સત્તાને આધિન રહી ઉપરોક્ત એક્ટની કલમ ૧૩(૨) હેઠળ નીચેના બોરોઅર/કાયદેસરના વારસ(સો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવેલ, જે અનુસાર તેમના જે તે નામ સામે દર્શાવેલ રકમ સહિત નોટિસમાં દર્શાવાયેલ તે રકમ ઉપરનું વ્યાજ, નોટિસ તારીખથી ૬૦ દિવસમાં ચૂકવી આપવા જણાવાયેલ છે. જે મુજબ પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવી અને/અથવા જમા થાય ત્યાં સુધીના આપવાના રહેશે.

અનુ. નં.	બોરોઅર/કાયદેસરનાં વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નાં નામ	તારીખના રોજ બાકી લેણાં* રૂા.	ડિમાન્ડ નોટિસ તારીખ	પઝેશન તારીખ ફીઝિકલ/ સિમ્બોલીક	સ્થાવર મિલકત(તો) / સલામત અસ્કયામત(તો) નું વર્ણન
(એ)	(બી)	(સી)	(ડી)	(ઈ)	(એફ)
૧	શ્રી કૌશિક કે. રાઠોડ (બોરોઅર) ૨૧૨૮૩૧ - ૬૧૮૨૭૮૬૬૭, ૬૧૮૭૦૦૨૧૬	રૂા.૭,૧૬,૨૪૬/- અને રૂા.૨૦,૨૭૯/- અનુક્રમે ૩૧ ડિસે., ૨૦૨૫ ના રોજ*	૨ ફેબ્રુ., ૨૦૨૬	૨૪ એપ્રિલ, ૨૦૨૬ સિમ્બોલીક	ફ્લેટ - ૧૦૫, પહેલો માળ, કોસ્મો સિટી - ડી-૧ (પ્લુટો) (ડી-ટાઇપ), સ. નં. ૫૩૭ અને ૫૩૮, ભોજરાજ આઇ હોસ્પિટલની આગળ, આલોક ઇન્ડસ્ટ્રીઝ લિ. નજીક, સાયલી, સિલ્વાસા-૩૯૬૨૩૦.
૨	શ્રી અભિષેક કુમાર સિંઘ (બોરોઅર) શ્રીમતી પમ્મી કુમારી (કો-બોરોઅર) ૨૧૧૪૮૮ - ૬૬૫૬૫૯૧૧૮, ૬૬૩૯૬૫૭૬૧	રૂા.૧૪,૭૭,૨૫૬/- અને રૂા.૮૦,૪૧૫/- અનુક્રમે ૩૧ ડિસે., ૨૦૨૫ ના રોજ*	૨૭ જાન્યુ., ૨૦૨૬	૨૪ એપ્રિલ, ૨૦૨૬ સિમ્બોલીક	ફ્લેટ - ૧૦૨, પહેલો માળ, મધુકુંજ રેસિડેન્સી - એ, સ. નં. ૧૬૯૮, ૧૬૬૨, સુંદરવન સોસાયટી, આકરા મારૂતિ તળાવ સામે, સુંદરવનથી પહેલું ડાબુ વળાંક, ઉંબરગાંવ, વલસાડ - ૩૯૬૧૭૦.
૩	શ્રી વીરીઆહ કનગરાજ (બોરોઅર) ૨૧૧૭૫૫ - ૬૨૫૫૯૮૧૬૯	રૂા. ૩,૧૬,૫૪૨/- ૩૧ ડિસે., ૨૦૨૫ ના રોજ*	૨ ફેબ્રુ., ૨૦૨૬	૨૪ એપ્રિલ, ૨૦૨૬ સિમ્બોલીક	ફ્લેટ - ૦૫, ગ્રાઉન્ડ ફ્લોર, મીડટાઉન વીંગ - ડી, સ. નં. ૫૯/૩ - એ, ૫૯/૧, ૬૧/૪, બેંક ઓફ બરોડાની સામે, સોમનાથ જંકશન, ગામ - ડાભેલ, નાની દમણ - ૩૯૬૨૧૦.
૪	શ્રી પ્રભાત કુમાર (બોરોઅર) શ્રીમતી પુજા દેવી (કો-બોરોઅર) ૨૧૧૪૮૪ - ૬૪૯૭૧૯૩૨૬, ૬૪૯૧૯૮૯૬૯	રૂા. ૯,૧૯,૪૧૮/- ૩૧ ડિસે., ૨૦૨૫ ના રોજ*	૨૭ જાન્યુ., ૨૦૨૬	૨૪ એપ્રિલ, ૨૦૨૬ સિમ્બોલીક	ફ્લેટ - ૧૦૫, પહેલો માળ, ફોર્ચ્યુન - ડીપી - નેનો - ૨ - ૧, સ. નં. ૩૦૫/૨, ૩૦૬/૧, ૩૦૬/૨, કિશી (એગ્રીકલ્ચર) ફાર્મની સામે, વાપી - કાચીગામ રોડ, દમણ - ૩૯૬૨૧૦.
૫	શ્રી દેવેનભાઇ રામુભાઇ પટેલ (બોરોઅર) શ્રીમતી ટ્વીંકલ પ્રવીણભાઇ પટેલ (કો-બોરોઅર) ૨૧૦૯૨૫ - ૬૩૬૨૧૩૫૨૧, ૬૩૫૧૮૯૯૧૭	રૂા. ૧૨,૪૨,૫૭૦/- અને રૂા.૦/- અનુક્રમે ૩૧ ડિસે., ૨૦૨૫ ના રોજ*	૨૧ જાન્યુ., ૨૦૨૬	૨૪ એપ્રિલ, ૨૦૨૬ સિમ્બોલીક	ફ્લેટ - ૩૦૩, ત્રીજો માળ, શિવ રેસિડેન્સી, સ. નં. સીએસ ૭૯૩/૨, સ. નં. ૯૦/એ/૧/૨, એસ.ટી. વર્કશોપથી તાડકેશ્વર મંદિરની સામે, સેન્ટર પોઇન્ટ પાસે, ધરમપુર રોડ, અબ્રામા, વલસાડ - ૩૯૬૦૦૧.

* લાગુ પડતા વધારાના વ્યાજ સાથે, પ્રાસંગિક ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવણી/ જમા થાય ત્યાં સુધીના ગણાશે.

જો કે, અહીં ઉપર દર્શાવેલ બોરોઅર/કાયદેસરના વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ) બાકી લેણી નીકળતી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ છે. તેથી આ સાથે ઉપરોક્ત બોરોઅર/ કાયદેસરના વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે, **એચડીએફસી**ના અધિકૃત અધિકારી/ઓ (ભૂતકાળમાં **એચડીએફસી લિ.**, જેનું નામદાર એનસીએલટી, મુંબઇના તારીખ ૧૭ માર્ચ, ૨૦૨૩ ના આદેશ મુજબ મંજૂર થયેલ એકીકરણ યોજના અનુસાર **એચડીએફસી બેન્ક લિમિટેડ** સાથે એકીકરણ થયેલ છે) દ્વારા ઉપરોક્ત એક્ટની કલમ ૧૩ (૪) હેઠળ અને ઉપરોક્ત નિયમના નિયમ-૮ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી, ઉપરોક્ત તારીખોએ અહીં ઉપર દર્શાવેલ સ્થાયી પ્રોપર્ટી/ સિક્યોર્ડ એસેટનો કબજો મેળવી લેવામાં આવેલ છે.

અહીં ઉપરોક્ત બોરોઅર/ કાયદેસરના વારસો અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ) ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને આ સાથે સાવધાન કરવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાયી પ્રોપર્ટી/ સિક્યોર્ડ એસેટ સાથેનો કોઇ સોદો કરાશે તો તે **એચડીએફસી બેન્ક લિમિટેડ**ના ગિરો હક્કને આધિન રહેશે.

બોરોઅર(ર્સ)/ કાયદેસરના વારસ (દારો), કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નું ધ્યાન દોરવામાં આવે છે કે એક્ટની કલમ-૧૩ ની પેટા કલમ(૮) ની જોગવાઇ અનુસાર સમય રહેતાં પોતાની સલામત અસ્કયામત/તો છોડાવી લે.

કરવામાં આવેલ પંચનામું અને તૈયાર કરાયેલ ઇન્વેન્ટરી નીચે સહી કરનાર પાસે ઉપલબ્ધ છે; અને ઉપરોક્ત બોરોઅર(ર્સ)/ કાયદેસરના વારસદાર(રો)/ કાયદેસરના પ્રતિનિધિ(ઓ) ને વિનંતી છે કે તે નકલ નીચે સહી કરનાર પાસેથી કામકાજના દિવસોએ કામકાજના સમય દરમિયાન મેળવી લે.

તારીખ : ૨૯-૦૪-૨૦૨૬
સ્થળ : સુરત

વતી, એચડીએફસી બેન્ક લિ.,
સહી/-
અધિકૃત અધિકારી

રજિ. ઓફિસ : એચડીએફસી બેન્ક લિ., એચડીએફસી બેન્ક હાઉસ, સેનાપતી બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૧૩.
CIN : L65920MH1994PLC080618, Website: www.hdfcbank.com